# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 07-02-2026 Day: Saturday Morning : 7.40 to 7.45 am**

આકાશવાણી ભુજ સમાચાર **કૃપાલી મહિચ્છા** વાંચે છે.

---

## PM – પરીક્ષા પે ચર્ચા

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું, વિદ્યાર્થીનું લક્ષ્ય જીવનનો સંપૂર્ણ વિકાસ કરવાનું હોવું જોઈએ.પરીક્ષા પે ચર્ચા ની 9મી આવૃત્તિ દરમિયાન વિદ્યાર્થીઓ સાથે વાતચીત કરતાં પ્રધાનમંત્રીએ પરીક્ષા દરમિયાન તણાવ અને ચિંતાનો સામનો કરવાની રીતો અંગે માહિતી આપી.

ગુજરાતની વિદ્યાર્થિની સાનવી આચાર્યએ પ્રધાનમંત્રી સવાલ કર્યો હતો કે શિક્ષક અને માતાપિતાની શીખવવાની પદ્ધતિ જુદી જુદી હોય ત્યારે મુંઝવણ ઊભી થાય છે. જેના જવાબમાં પ્રધાનમંત્રીએ વિદ્યાર્થીઓને તેમની પોતાની અનોખી શિક્ષણ પદ્ધતિઓ પર વિશ્વાસ રાખવાની સલાહ આપી.

**--------------------------------------------------------------------------------------**

## ક્રિકેટ

ટી20વિશ્વ કપની **10**મી શ્રેણીનો આજથી આરંભ થાય છે**.** ભારત અને શ્રીલંકામાં રમાનારી સ્પર્ધામાં એક મહિનામાં 20 ટીમો ભાગ લેશે**.** એક મહિનામાં ભારતના પાંચ અને શ્રીલંકાનાં બે મળી સાત શહેરોના વિવિધ સ્ટેડિયમોમાં 55 મેચ રમાશે**.** ભારતની ગ્રૂપ કક્ષાની પ્રથમ મેચમાં મુંબઈના વાનખેડે સ્ટેડિયમમાં અમેરિકાની ટીમ સામે આજે સાજે મુકાબલો થશે**.** મેચનો આરંભ સાંજે સાત વાગ્યે થશે**.**

ભારતની 19 વર્ષથી નીચેની વયના યુવા ખેલાડીઓની ટીમે અંતિમ જંગમાં ઈંગ્લેન્ડને **100** રને હરાવી છઠીવાર વિશ્વકપનો ખિતાબ જીતી લીધો છે. ઝિમ્બાબ્વેનાં હરારે ખાતેની અંતિમ મેચમાં ભારતે નવ વિકેટના ભોગે 411 રનનો વિક્રમરૂપ સ્કોર કરી ઇંગ્લેન્ડની ટીમને જીતવા 412 રનનું વિજયી લક્ષ્યાંક આપ્યું હતું.

વૈભવ સૂર્યવંશીએ સૌથી વધુ 175 રન અને સુકાની આયુષ મહત્રેએ 53 રન કર્યા હતા . જવાબમાં ઈંગ્લેન્ડની ટીમ 311 રન કરી શકી હતી. ફોકનારે સદી નોંધાવી હતી. ભારતની ટીમના અંબરીશે સૌથી વધુ ત્રણ વિકેટ ઝડપી હતી. ભારતની ટીમમાં ગાંધીધામના હરવંશસિંહ પંગલિયા સામેલ હતા.

---------------------------------------------------------------------------------

## <u>નર્મદા કેનાલ - મૃત્યુ</u>

મુન્દ્રા તાલુકાના ભોરારા ગામ નજીક આવેલી નર્મદા કેનાલમાંથી બે વ્યક્તિઓના મૃતદેહ મળી આવ્યા છે. ગઈકાલે રાત્રે ઇમરજન્સી કંટ્રોલ નંબર 112 દ્વારા ભુજ ફાયર કંટ્રોલ સ્ટેશનને આ અંગેની માહિતી મળી હતી. માહિતી મળતા જ ભુજ ફાયર વિભાગની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે રવાના થઈ હતી. ફાયર વિભાગની રેસ્ક્યુ ટીમે ભારે જહેમત બાદ બંને વ્યક્તિઓના મૃતદેહ કેનાલમાંથી બહાર કાઢ્યા હતા.

---------------------------------------------------------------------------------

## <u>ધો. 10 અને 12 ની પરીક્ષા</u>

કચ્છ જિલ્લામાં ધોરણ 10 અને 12ની આવનારી બોર્ડ પરીક્ષાઓને લઈ શિક્ષણ તંત્ર દ્વારા તડામાર તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે.

ઉપરાંત, આગામી 12 ફેબ્રુઆરીના રોજ કચ્છ જિલ્લા પરીક્ષા સમિતિની મહત્વની બેઠક યોજાનાર છે, જેમાં પરીક્ષાની વ્યવસ્થા અને આયોજનની સમીક્ષા કરવામાં આવશે. આ વર્ષે ધોરણ 10માં કુલ 27,305 વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે, જ્યારે ધોરણ 12ના સામાન્ય પ્રવાહમાં 15,504 અને વિજ્ઞાન પ્રવાહમાં 1,566 વિદ્યાર્થીઓ બોર્ડ પરીક્ષામાં બેસશે. વિદ્યાર્થીઓ ભયમુક્ત

અને આત્મવિશ્વાસ સાથે પરીક્ષા આપી શકે તે હેતુથી જિલ્લા શિક્ષણાધિકારી સંજય પરમાર દ્વારા સતત માર્ગદર્શન કાર્યક્રમો યોજાઈ રહ્યા છે.

રાપર અને મુન્દ્રા બાદ શુક્રવારે માંડવી તાલુકાની 34 જેટલી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં 17 ટીમો દ્વારા મુલાકાત લેવામાં આવી હતી. જિલ્લા શિક્ષણાધિકારીએ 8 શાળાઓમાં રૂબરૂ મુલાકાત લઈ વિદ્યાર્થીઓ સાથે સીધો સંવાદ સાધી સફળતા માટે પ્રેરણા આપી હતી તેમજ આચાર્યો અને શિક્ષકોને સઘન તૈયારી કરાવવાની સૂચના આપી હતી.

---------------------------------------------------------------------------------------

## PGVCL કામગીરી

કચ્છમાં પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ દ્વારા લાંબા સમયથી બાકી રહેલી વીજ બિલની રકમ વસૂલવા માટે આક્રમક અભિગમ અપનાવવામાં આવ્યો છે. **PGVCL** એ ભુજ શહેરના સીટી-1 વિસ્તાર પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે. આજે શહેરના વિવિધ વિસ્તારોમાં અંદાજિત 15 જેટલી સ્પેશિયલ ટીમો ઉતારવામાં આવશે, સીટી-1 વિસ્તારમાં આવેલા મુન્દ્રા રોડ, હરીપર રોડ, સેવન સ્કાય રોડ, વાણીયાવાડ, સંજોગ નગર સહિતના વિસ્તારોમાં અંદાજે 340 જેટલા ગ્રાહકો એવા છે જેમણે લાંબા સમયથી બિલ ભરપાઈ કર્યા નથી. આ બાકીદારો પાસે અંદાજિત 25 લાખ રૂપિયા લેણા નીકળે છે. જે વસુલવા માટે આજે સ્પેશ્યલ ડ્રાઈવનું આયોજન કરવામાં આવ્યું છે.

---------------------------------------------------------------------------------------